ગાંધીનગર સમાચાર

**જિલ્લાના ૧૧૦ ગામોમાં ૧૦૦ ટકા શૌચાલય છે**

# ગાંધીનગરના ગગનમાંથી અગનવર્ષા

## મોસમની વિક્રમ ગરમી : પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો : ભારે ગરમીના પગલે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ

ગાંધીનગર, તા. ૧૩

સમગ્ર રાજ્યમાં આકરી ગરમીનો આતંક ફેલાયો છે. દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફ ફૂંકાતા પવનોના કારણે ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાયો છે. આજે ગરમીએ શહેરને રીતસર શેકી નાંખ્યુ હોય તેમ પારો રેકોર્ડબ્રેક ૪૪ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જે આ સીઝનનું સૌથી વધુ તાપમાન છે.

સમગ્ર ભારતીય ઉપખંડ હાલમાં આકરા ઉનાળાનો અનુભવ કરી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર પશ્ચિમના વિસ્તારોમાં હીટવેવની અસર છેલ્લા એક અઠવાડિયાથી જોવા મળી રહી છે. હીટવેવના પગલે લગભગ તમામ શહેરો-ગ્રામ્ય વિસ્તારોનું તાપમાન ૪૩-૪૪ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. પાણીનો પ્રશ્ન વિકટ છે તેવા વિસ્તારોમાં તો હીટવેવના કારણે મનુષ્યો-પ્રાણીઓ-પક્ષીઓના મોતની ઘટનાઓ પણ નોંધાઈ છે. આગામી દિવસોમાં હજુ ગરમીથી કોઈ રાહત મળે તેવા એંધાણ જોવા મળતા નથી. આકરી ગરમીની સાથે સતત ફૂંકાતી લૂ ના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

ગ્રીનસીટી કહેવાતા ગાંધીનગરમાં પણ માથુ ફાડી નાંખે તેવી ગરમી પડી રહી છે. વહેલી સવારથી જ આકરા તાપ સાથે ભારે ગરમી પડવાની શરૂઆત થઈ હતી. ભારે ગરમીના કારણે સવારે નવ વાગ્યે પણ ઘરની બહાર નીકળી શકાય તેવુ લાગતુ ન હતુ. બપોરે બાર વાગ્યે તો સૂર્યનારાયણનો પ્રકોપ ચરમસીમાએ પહોંચતા ઘરના બારી-બારણા ફરજીયાત બંધ કરી દેવાની જરૂરીયાત ઉભી થઈ હતી. એકદમ ગરમ લૂ ફૂંકાવાની શરૂઆત થતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. બારી કે બારણુ જરાય ખુલ્લુ રહી ગયુ હોય તો ગરમ પવન સીધો જ ઘરમાં ઘુસી આવતો હતો. વસાહતીઓ એસી-કૂલર ચાલુ કરી આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. ઓફિસોમાં પણ એસી-કૂલર ધમધમાટ ચાલ્યા હતા.

જ્યાં એસી-કૂલરની વ્યવસ્થા નથી તેવી કચેરીઓમાં ગરમીથી



કંટાળેલા કર્મચારીઓ બપોરના સમયે ઘરે ઉપડી ગયા હતા. અથવા જ્યાં ઠંડક હોય ત્યાં ચાલ્યા ગયા હતા. શ્રમિકોએ કામ બંધ કરી આરામ ફરમાવ્યો હતો. શોપીંગ સેન્ટરો પર ગ્રાહકોની અવરજવર ઘટતા ગરમીથી ત્રાસેલા દુકાનદારો દુકાનોના શટર પાડી આરામ કરતા જોવા મળ્યા હતા.

શહેરના કેટલાક વિસ્તારોમાં તો બપોરે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી સ્વયંભુ કરફ્યુનો માહોલ છવાયો હતો. ઉનાળુ વેકેશન માણતા બાળકો પણ આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. છેક મોડી સાંજે સૂર્યાસ્ત બાદ બાળકો બાગ-બગીચાઓમાં જોવા મળ્યા હતા. આખો દિવસ ફૂંકાયેલી લૂ ની અસર સૂર્યાસ્ત બાદ પણ જોવા મળી હતી. છેક મોડી રાત્રે થોડીક રાહત મળી હતી. જો કે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીની નજીક રહેતા વસાહતીઓ રાત્રે પણ પરસેવે રેબઝેબ થતા હતા. ગરમીથી કંટાળેલા વસાહતીઓએ સ્વર્ણિમ પાર્કમાં બેઠક જમાવી હતી. ઘ-૪ પાસે તો જાણે રાત્રી મેળો જામ્યો હોય તેટલી ભીડ જોવા મળી હતી. વાહન પાર્કિંગની જગ્યા પણ મળતી ન હીત. આગામી બે-ત્રણ દિવસમાં ગરમીથી થોડીક રાહત મળશે તેવુ હવામાન વિભાગે જણાવ્યુ છે. હાલમાં તો વસાહતીઓએ ભયંકર ગરમીનો સામનો કરવો જ પડશે.

# ગાંધીનગર-દહેગામના મામલતદાર બદલાયા

## ડિઝાસ્ટર મામલતદારની ખાલી જગ્યા ભરાઈ : ૮૫ મામલતદારોની બદલી હૂકમો જારી કરાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર અને દહેગામના મામલતદારની બદલી થઈ છે ત્યારે ત્રણ મામલતદારોની ગાંધીનગરમાં બદલી કરવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે ૮૫ મામલતદારોની બદલી અને ૭ નાયબ મામલતદારોની બઢતી સાથે બદલીના હૂકમો જારી કર્યા છે.

ગાંધીનગરના મામલતદાર શ્રી ડી.જી. મોદીની બદલી પોરબંદર કરવામાં આવી છે જ્યારે દહેગામ મામલતદાર શ્રી મેણાતની બદલી અમદાવાદમાં ઘાટલોડિયા મામલતદાર તરીકે કરવામાંઆવી છે.

આ જ હૂકમમાં જણાવ્યા પ્રમાણે મહેસુલી તપાસ કમિશ્નરની કચેરીમાં મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી એ.કે. જોશીની ગાંધીનગર મામલદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જ્યારે દહેગામ મામલતદાર તરીકે નખત્રાણા મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી કે.વી. ખાંટની નિમણુંક કરવામાં આવી છે.

માલપુર મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રીમતિ જે.એન.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૧૦ ગામોમાં ૧૦૦ ટકા શૌચાલય છે

## ડિસેમ્બર-૧૭ સુધીમાં જિલ્લાના તમામ આવાસોમાં શૌચાલયની સુવિધા હશે !!

ગાંધીનગર, તા. ૧૩

આગામી ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં જિલ્લાનાં તમામ ગામોમાં શૌચાલયોની સુવિધા દરેક મકાનમાં ઉપલબ્ધ થઈ જશે. આ સમયગાળા દરમ્યાન જિલ્લામાં ૫૩,૧૧૬ શૌચાલયો બાંધવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના ૩૦૨ ગામો પૈકી હાલ ૧૧૦ ગામ એવા છે જ્યાં ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે શૌચાલયોની ૧૦૦ ટકા સુવિધા ધરાવે છે.

૨૦૧૫-૧૬ દરમ્યાન જિલ્લામાં ૨૧,૮૩૯ શૌચાલયો બાંધવામાં આવ્યા છે. ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે જિલ્લામાં ૮૮૩૬૭ આવાસોમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ હતી નહી. આથી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષથી એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

૧૩-૧૪ના વર્ષ દરમ્યાન ૪૩૬૭ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યુ હતુ. ૧૪-૧૫ના વર્ષમાં ૯૦૪૫ શૌચાલયો અને ૧૫-૧૬માં ૨૧,૮૩૯ શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારને ત્યાં શૌચાલયની સુવિધા ફરજીયાત હોવાની કરેલી કાનૂની જોગવાઈને પગલે શૌચાલયની સુવિધા માટે લોક-જાગૃતિ આવી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે ૫૩,૧૧૬ શૌચાલય વિનાના આવાસોને આવરી લેવા માટે તંત્રએ આખી કાર્યયોજના તૈયાર કરી દીધી છે.

આ કાર્યયોજના અંતર્ગત જિલ્લા અને તાલુકાના અધિકારીઓને દરેકને ગામ દત્તક આપવામાં આવ્યા છે. જે શૌચાલયની સુવિધા અંગેની કામગીરીનું મોનીટરીંગ કરશે. આ માટે ૩૩ હજાર જેટલા શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે જેની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# વન તંત્ર દ્વારા ૨૨ જેટલા દબાણો હટાવાયા

## રોડનં -૬ આસપાસ દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન દબાણોનો સફાયો

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વન વિભાગ દ્વારા આજે માર્ગ નં ૬ પર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વન તંત્ર દ્વારા લારી ગલ્લાના ૨૨ જેટલા દબાણ દુર કરવામાં આવ્યા હતા. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં દબાણો વધતા જાય છે.ત્યારે વન તંત્ર દ્વારા શહેરને દબાણમુકત કરવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વધતા દબાણની સમસ્યાના લીધે અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. શહેરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણોએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે આમ નાગરિકોની પરેશાની વધી ગઈ છે. આ ઉપરાંત વધતા દબાણોના લીધે સેકટરના કોર્મશિયલ વિસ્તારમાં પણ પાર્કીંગની સમસ્યા પેચીદી બનતા ચક્કાજામના દ્રશ્યો સર્જાય છે. બીજીતરફ શહેરના મુખ્ય માર્ગો તેમજ આડા ઉભા રસ્તા આસપાસ સ્થિત વન આરક્ષિત

● અનુસંધાન પાન-૭ પર

# યુનિયનની કેબિનનુ દબાણ દુર કરતા વનસંરક્ષકની બદલી

શહેરમાં વન તંત્ર દ્વારા હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન વન આરક્ષિત જગ્યામાં સ્થિત લારી ગલ્લા યુનિયનની કેબિન પણ દુર કરી હતી. વન તંત્રની આ હરકત સામે જિલ્લા વન અધિકારીને કરવામાં આવેલી ભલામણના અંતે યુનિયનની કેબિન યથાસ્થાને મોકલી દેવાની સુચના આપવામાં આવી હતી. પરંતુ વન સંરક્ષકે દબાણના નામે દુર કરેલી કેબિન યથાસ્થાને મુકવાનુ મુનાસિબ ન સમજતા ડી એફ ઓ દ્વારા તેમની તાત્કાલિક અસરથી બદલી કરવાનો આદેશ કરી દેવાયો હતો. દબાણ દુર કરવાની કામગીરીની સામે વિભાગ કક્ષાએથી વન સંરક્ષકને પ્રોત્સાહીત કરવાની બદલે બદલીનુ ફરમાન મળતા અન્ય વન સંરક્ષકોમાં પણ આ હરકતના ઘેરા પ્રત્યાઘતો પડયા હતા. ફરજ પરના વનસંરક્ષકને પુન યથા સ્થાને ફરજ નહીં સોપવામાં આવે તો સામુહીક રાજીનામા ધરી લડતને અંજામ આપવામાં આવશે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com